જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી,
જોરાવર પેલેસ કંપાઉન્ડ,જિલ્લા સેવા
સદન-૨, ભોય તળીયે-બ્લોક ૩૧,૩૨ પાલનપુર,
જી.બનાસકાંઠા
ફોન નંબર -૦૨૭૪૨ -૨૫૨૪૭૮

જા.નં સસુઅપા/ દિવ્યાંગ/શિષ્યવૃત્તિ/ઓ.દ/૨૦૧૮-૧૯/૧૮૦૬ તા.૧૮/૦૮/૨૦૧૮

**ઘણો જરૂરી/સમય મર્યાદા**

## દિવ્યાંગ વિધાર્થીઓની ઓનલાઈન પ્રી-મેટ્રીક શિષ્યવૃત્તિ માટે પરિપત્ર વર્ષ : ૨૦૧૮-૧૯

આથી બનાસકાંઠા જિલ્લાની તમામ સરકારી અનુદાનિત પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ, સરકારી મોડલે સ્કુલોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે ગત વર્ષથી રાજય સરકારશ્રી દ્વારા ધોરણ ૧ થી ૧૨ સુધીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ વિકલાંગ) દિવ્યાંગ (વિધાર્થીઓની શિષ્યવૃત્તિની રકમ સીધી ( દિવ્યાંગ) વિધાર્થીઓના બેંક ખાતામાં જમા થાય તે હેતુથી " ડીઝીટલ ગુજરાત પોર્ટલ" પર ઓનલાઈન શિષ્યવૃત્તિ મંજુર કરવાનું નક્કી કરેલ છે .તે મુજબ ગત વર્ષે સમગ્ર રાજયના તમામ વિકલાંગ( દિવ્યાંગ) વિધાર્થીઓની શિષ્યવૃત્તિ ઓનલાઈન મંજુર કરી શિષ્યવૃત્તિની રકમ સીધી વિધાર્થીઓના બેંક ખાતામાં જમા કરાવેલ છે .

ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ધોરણ ૧ થી ૧૨ ના વિકલાંગ(દિવ્યાંગ) વિધાર્થીઓની ઓનલાઈન શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવાની થાય છે .તો આપની શાળામાં ચાલુ વર્ષે ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા તમામ કેટેગરીના વિકલાંગ(દિવ્યાંગ) વિધાર્થીઓની શિષ્યવૃત્તિની ઓનલાઈન દરખાસ્તો digital Gujarat portal પર તા.૩૧/૦૮/૨૦૧૮ સુધીમાં Higher authorityને online મોકલી આપવાની રહેશે .ઓનલાઈન દરખાસ્તો કર્યા બાદ દરેક શાળાઓએ તેની હાર્ડકોપીની એક નકલ પોતાની શાળાના રેકર્ડ પર વિકલાંગતાના આધારો સહીતના કાગળો રાખવા તથા ઓનલાઇન પર કરેલ દરખાસ્તની ફકત હાર્ડ કોપી અત્રેની કચેરીને રજુ કરવાની રહેશે.વિકલાંગ વિધાર્થીઓને મળવા પાત્ર રકમની વિગત દર્શાવતુ પત્રક આ સાથે સામેલ છે .

**વિકલાંગતાની ટકાવારી નીચે મુજબ છે.**

( ૧) ઓર્થોપેડીક ( હાથ પગની વિકલાંગતા)ની ટકાવારી ૪૦ ટકા કે તથી વધુ
( ૨) મુકબધીરની વિકલાંગતાની ટકાવારી (૭૧ ટકા કે તેથી વધુ )
( ૩) અંધની વિકલાંગતા ટકાવારી ( ૮૦ ટકા કે તેથી વધુ)
(૪) મંદ બુધ્ધીની વિકલાંગતાની ટકાવારી ( ૫૦ ટકા કે તેથી વધુ )

# વિકલાંગતાની શિષ્યવૃત્તિના દરો તેમજ વિધાર્થીઓની કેટેગરી મુજબ હેડ

| ક્રમ | હેડ(જાતિ) | ધોરણ | |
|---|---|---|---|
| | | વર્ગ | રકમ |
| ૧ | ૯૨ જનરલ/ઓ.બી.સી. | ધો.૧થી ૭ | ૧૦૦૦/- |
| | | ધો.૮ થી ૧૨ | ૧૫૦૦/- |
| ૨ | ૯૫ એસ.સી. | ધો.૧ થી ૭ | ૧૦૦૦/- |
| | | ધો.૮ થી ૧૨ | ૧૫૦૦/- |
| ૩ | ૯૬ એસ.ટી. | ધો.૧ થી ૭ | ૧૦૦૦/- |
| | | ધો.૮ થી ૧૨ | ૧૫૦૦/- |

## જનરલ સુચનાઓ

- Digital Gujarat.gov.in પર દરેક શાળા પાસે પોતાનો user ID અને Password છે.જે શાળાએ આજ દિન સુધીઉપરોકત પોર્ટલમાં લોગીન કરેલ નથી તે પ્રત્યેક શાળા / સંસ્થાએ તેમનો Dise code યુઝર આઇ.ડી . તરીકે હશે.અને Password Abcd@123 રહેશે.પ્રથમ વખત લોગીન કરી શાળા કક્ષાએથી Password બદલવાનો રહેશે જે શાળાએ લોગીન કરેલ હોય અને પોતાનો Password યાદ ન હોય તો તે શાળાએ "forget password" પરથી નવો Password મેળવી લેવાનો રહેશે .
- અગાઉના અનુભવથી અત્રે જણાઇ આવેલ છે કે કેટલાક વિકલાંગ વિધાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર,બેંકનુનામ,બેંક બ્રાન્ચનું નામ IFSC Code ની વિગતો ચોકસાઇ પૂર્વક ન ભરવાના કારણે વિધાર્થીના ખાતામાં વિકલાંગ શિષ્યવૃતિની રકમ જમા થવામાં મુશ્કેલી પડછે .જેથી ઓન લાઇન દરખાસ્ત કરતા સમયે આ બાબતનું ખાસ ધ્યાન રાખવુ.
- નોંધ -ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન દરખાસ્ત બાબતે કોઇ મુશ્કેલી જણાયતો ગુજરાત પોર્ટલ પરના હેલ્પ ડેસ્ક નંબર **18002335500** પર સંપર્ક કરવાનો રહેશે .

| | | |
|---|---|---|
| જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી | જીલ્લા શિક્ષણ અધિકારી | જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી |
| બનાસકાંઠા,પાલનપુર | બનાસકાંઠા,પાલનપુર | બનાસકાંઠા,પાલનપુર |

પ્રતિ,

(૧) **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**, બનાસકાંઠા (પાલનપુર) તરફ આપ સાહેબની **તાબા હેઠળની** તમામ હાઈસ્કુલના શિક્ષકો તેમજ પ્રોજેકટ કો-ઓર્ડીનેટર સંમલિત શિક્ષણ યોજના **હેઠળના શિક્ષકોને** ઉકત બાબતે જિલ્લાની તમામ શાળાના દિવ્યાંગ વિધાર્થીઓને વિકલાંગ શિષ્યવૃત્તિનો લાભ મળે તે માટે ડીઝિટલ ગુજરાત પોર્ટલમાં ઓનલાઈન દરખાસ્ત કરાવવા માટે જરૂરી સુચના **તેમજ ઘટતી કાર્યવાહી** અને આ બાબતે સમીક્ષા અર્થે જાણ સારું

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા(પાલનપુર) તરફ આપ સાહેબની તાબા **હેઠળની** તમામ પ્રાથમિક સ્કુલના શિક્ષકો તેમજ પ્રોજેકટ કો-ઓર્ડીનેટર સર્વ શિક્ષાઅભિયાન **હેઠળના શિક્ષકોને** ઉકત બાબતે જિલ્લાની તમામ પ્રાથમિક શાળાના દિવ્યાંગ વિધાર્થીઓને વિકલાંગ શિષ્યવૃત્તિનો લાભ મળે તે માટે ડીઝિટલ ગુજરાત પોર્ટલમાં ઓનલાઈન દરખાસ્ત કરાવવા માટે જરૂરી સુચન તેમજ ઘટતી કાર્યવાહી અને આ બાબતે સંમિક્ષા અર્થે જાણ સારું

(૩) તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા,જીલ્લા તરફ જાણ તેમજ ઉકત બાબતે ઘટતી કાર્યવાહી સારૂ.

(૪) આચાર્યશ્રી, બનાસકાંઠા જીલ્લાની તમામ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ તરફ જાણ તેમજ ઉપરોકત બાબતે સત્વરે ઓનલાઇન દરખાસ્ત કરવા સારૂ.

<u>નકલ સવિનય રવાના-:</u>

(૧) માન.કલેકટર સાહેબશ્રી, (બનાસકાંઠા)પાલનપુરતરફ જાણ સારૂ.

(૨) માન.જીલ્લા વિકાસ અધિકારીશ્રી( બનાસકાંઠા) પાલનપુર તરફ જાણ સારૂ

(3) માન.નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતુ ગુ.રા.ગાંધીનગર તરફ જાણ સારૂ

(૪) માન.કમિશ્નરશ્રી,ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિભાગ ગાંધીનગર તરફ જાણ સારૂ

(૫) માન.નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ વિભાગ(વહીવટ) ગાંધીનગર તરફ જાણ સારૂ

(૬) માન.નિયામકશ્રી,સર્વ શિક્ષા અભિયાન ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,સેકટર-૧૭,શિક્ષણ વિભાગ ગાંધીનગર તરફ જાણ સારૂ